# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **ભારતીય કાપડના વૈશ્વિક કાર્યક્રમ ભારત ટેક્સનો નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે પ્રારંભ.**
2. **ભારત અને બ્રિટન વચ્ચેનો વ્યાપક આર્થિક અને વેપાર કરાર આવતીકાલથી અમલમાં આવશે.**
3. **અમેરિકાએ ઈરાન પર ફરીથી હુમલા શરૂ કર્યા.**
4. **પશ્ચિમ એશિયામાં તણાવ વધવાના પગલે ક્રુડ ઓઇલના ભાવમાં વધારો થતાં શેરબજારમાં ઘટાડો.**
5. **ફિફા વર્લ્ડકપની સેમિફાઇનલમાં આજે ફ્રાન્સનો મુકાબલો સ્પેન સામે.**
6. **બર્મિંગહામમાં આજની મેચ સાથે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની એકદિવસિય શ્રેણીનો આરંભ.**

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩0 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# TEXTILE EXPO - BHARAT TEX

ભારતીય કાપડના વૈશ્વિક કાર્યક્રમ ભારત ટેક્સનો નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂઆત થઈ. કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહે ચાર દિવસીય ઇવેન્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે આ મુજબ કહ્યું હતું..

**(BYTE : GIRIRAJ SINGH, MINISTER)**

આ કાર્યક્રમ કાપડ, ફેશન, ટકાઉપણું, ટેકનોલોજી, નવીનતા, રોકાણ અને આંતરરાષ્ટ્રીય વેપારમાં ભારતના વધતા જતા વૈશ્વિક નેતૃત્વને દર્શાવે છે. જે ઉત્પાદકો, નિકાસકારો, વૈશ્વિક ખરીદદારો, રોકાણકારો, નીતિ નિર્માતાઓ, આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળો, કારીગરો, સ્ટાર્ટ-અપ્સ અને ટેકનોલોજી પ્રદાતાઓને એકસાથે લાવ્યો છે.

ત્રીજા ભારત ટેક્સમાં લગભગ સાત હજાર ખરીદદારો અને 20 હજારથી વધુ કાપડ ઉત્પાદનોની ભાગીદારી જોવા મળી રહી છે. 14 દેશોના આંતરરાષ્ટ્રીય પ્રદર્શકો તેમાં ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં 20 થી વધુ દેશોના આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, રાષ્ટ્રીય ઉદ્યોગ નેતાઓ અને નીતિ નિર્માતાઓ સહિત 350 થી વધુ વક્તાઓ ભેગા થશે.

# INDIA - UK FTA

ભારત અને બ્રિટન વચ્ચેનો વ્યાપક આર્થિક અને વેપાર કરાર આવતીકાલથી અમલમાં આવશે. આ સીમાચિહ્નરૂપ કરાર ભારતીય નિકાસ માટે યુકેના બજારમાં 99% ડ્યુટી-મુક્ત પ્રવેશ પ્રદાન કરશે. આ કરાર ભારત અને યુકેની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા અને લોકોમાં સમૃદ્ધિ લાવવા માટેની સહિયારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. સાંભળીએ એક અહેવાલ..

**(VC : DIPENDRA KUMAR, INDIA – UK - FTA)**

આ સીમાચિહ્નરૂપ કરાર મે 2021માં ઉન્નત વેપાર ભાગીદારી અને ભારત-યુકે રોડમેપ 2030 અપનાવીને કરાયો હતો, જેમાં 2030 સુધીમાં વેપાર બમણો કરીને 100 અબજ અમેરિકી ડોલર સુધી લઈ જવાનો લક્ષ્યાંક રખાયો હતો.

# MEA-PDG MEETING BRUSSELS

ભારતે બેલ્જિયમના બ્રસેલ્સમાં પેલેસ્ટિનિયન ડોનર્સ ગ્રુપ PDGની બીજી મંત્રી સ્તરની બેઠકમાં ભાગ લીધો હતો. વિદેશ મંત્રાલયના કોન્સ્યુલર, પાસપોર્ટ, વિઝા અને ઓવરસીઝ ઇન્ડિયન અફેર્સ સચિવ શ્રીમતી પ્રિયા રંગનાથને જણાવ્યું હતું કે, ભારત લાંબા સમયથી પેલેસ્ટિનિયન લોકોનો વિશ્વસનીય ભાગીદાર દેશ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ભારત આરોગ્ય, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને વ્યાવસાયિક તાલીમના ક્ષેત્રોમાં વિકાસ અને માનવતાવાદી સહાય પૂરી પાડી રહ્યું છે. તેમણે પુનર્વસન, આરોગ્ય, શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ સંબંધિત અનેક નવા પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરી હતી.

# JHARKHAND MAOIST ARRESTED

ઝારખંડમાં, લાતેહાર જિલ્લા પોલીસે ચાંદવા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રતિબંધિત સીપીઆઈ (માઓવાદી) ના પ્રાદેશિક કમાન્ડર, રવિન્દ્ર ગંઝુની ધરપકડ કરી છે, જેના પર 20 લાખ રૂપિયાનું ઈનામ હતું. ઝારખંડ પોલીસે તેના પર 15 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું અને એનઆઈએએ તેની ધરપકડ માટે પાંચ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, 22 નવેમ્બર, 2019માં ચાંદવામાં લુકુઈયા મોર નજીક પોલીસ ટીમ પર માઓવાદી હુમલામાં ગંઝુ મુખ્ય આરોપી હતો, જેમાં ચાર પોલીસ કર્મચારીઓ માર્યા ગયા હતા.

# MORTAL REMAINS- ANDHRA

વિયેતનામમાં બોટ અકસ્માતમાં મૃત્યુ પામેલા આંધ્રપ્રદેશના ત્રણ પ્રવાસીઓના પાર્થિવ દેહ આજે હૈદરાબાદ પહોંચ્યા. આંધ્ર પ્રદેશના MSME મંત્રી કે. શ્રીનિવાસે હૈદરાબાદ એરપોર્ટ પર મૃતદેહોને તેમના વતન મછલીપટ્ટનમ, હિન્દુપુર અને કડપામાં પહોંચાડવાની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. રાજ્ય સરકારે કહ્યું કે, શોકગ્રસ્ત પરિવારોને તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી છે.

# BIHAR-TERRORIST

બિહારમાં કટિહારના મુસાપુર ગામમાં પોલીસે પાકિસ્તાની આતંકવાદી નેટવર્ક સાથે સંકળાયેલા શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી.

કટિહારના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી સુનિલ કુમાર શર્માએ જણાવ્યું કે, આ વ્યક્તિ સોશિયલ મીડિયા ચેટ અને ઓડિયો કોલ દ્વારા રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ અને સંવેદનશીલ સ્થળો વિશે માહિતી સરહદ પાર આતંકવાદીઓને પહોંચાડી રહ્યો હતો. આ વ્યક્તિ આતંકવાદી પ્રવૃત્તિઓ સંબંધિત સામગ્રીની આપ-લે કરતો હોવાનું પણ સામે આવ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# DAY US IRAN- HORMUZ STRAIT

અમેરિકા ઈરાન પર સતત હુમલા કરી રહ્યું છે. અમેરિકાએ અબુ મુસા, બંદર અબ્બાસ, બુશેહર, ચાહબહાર, જસ્ક અને કોનારાકની આસપાસના વિસ્તારોમાં હુમલો કર્યો હતો, જેમાં ઈરાની દરિયાકાંઠાની સંરક્ષણ પ્રણાલીઓ, મિસાઇલ અને ડ્રોન સ્થળો અને દરિયાઈ ક્ષમતાઓને નિશાન બનાવાયા હતા. દરમિયાન ઈરાને બહેરીન, જોર્ડન અને ખાડીમાંથી પસાર થતા સંયુક્ત આરબ અમીરાત સાથે સંકળાયેલા બે ટેન્કરો પર હુમલાઓનો જવાબ આપ્યો, જેમાં એક નાવિકનું મોત થયું અને આઠ અન્ય ઇજાગ્રસ્ત થયા.

અમીરાતના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ટેન્કરો પરના હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત થયું અને છ ભારતીયો અને બે યુક્રેનિયન નાગરિક ઇજાગ્રસ્ત થયા.

# STOCKS-1200

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં 85 ડોલર પ્રતિ બેરલ સુધીનો મોટો ઉછાળો આવ્યા બાદ વૈશ્વિક બજારોમાં નરમાશ જોવા મળી હતી.

પ્રારંભિક તબક્કે ઘટાડા બાદ સ્થાનિક ઇક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો આજે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા છે. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 400 પોઈન્ટ અને નિફ્ટી 115 અંક કરતાં વધુ ઘટીને કારોબાર કરી રહ્યા હતા. નાણાકીય સંસ્થાઓ અને ઓટો શેરોમાં વેચવાલી નિકળી હતી.

# HOUTHI-S ARABIA CONFLICT

યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ ગઈકાલે સાઉદી અરેબિયાના અભા આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા. જોકે, હુમલામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. યમનના સના આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર અગાઉ થયેલા હવાઈ હુમલાના જવાબમાં આ હુમલા કરાયા હોવાનું હુથી બળવાખોરોએ જણાવ્યુ હતું.

એક વિડિઓ નિવેદનમાં, હુથી પ્રવક્તાએ એરલાઇન્સને સાઉદી હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરવા સામે ચેતવણી આપી હતી. સાઉદી અધિકારીઓએ યમનમાં હવાઈ હુમલાઓ પર તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી.

# BANGKOK - FIRE

બેંગકોકના મ્યુઝિક બારમાં લાગેલી આગમાં મૃત્યુઆંક વધીને 30 થયો છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે 70થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ છે, જેમાંથી 24 લોકોની હાલત ગંભીર છે.

# FIFA WC S.FINAL

ફિફા વર્લ્ડ કપની પહેલી સેમિફાઇનલ મેચ આજે રાત્રે ફ્રાન્સ અને સ્પેન વચ્ચે રમાશે. મેચ ભારતીય સમય મુજબ રાત્રે 12:30 વાગ્યે શરૂ થશે. ફ્રાન્સ ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કોને 2-0થી હરાવીને સેમિફાઇનલમાં પહોંચ્યું હતું, જ્યારે સ્પેને બેલ્જિયમ સામે 2-1 થી જીત મેળવી હતી.

# CRICKET

ક્રિકેટમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીનો આજથી આરંભ થઇ રહ્યો છે. બર્મિંગહામના એજબેસ્ટન ખાતે આજે ભારતીય સમય અનુસાર બપોરે સાડા ત્રણ વાગે આ મેચ રમાશે.

ભારતીય ટીમને મજબૂત બનાવવા માટે બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્મા ટીમમાં પરત ફર્યા છે, સાથે જ ઝડપી બોલર જસપ્રીત બુમરાહ પણ પરત ફર્યા છે. શ્રેણીની બીજી મેચ ગુરુવારે કાર્ડિફમાં અને ત્રીજી અને અંતિમ મેચ 19 જુલાઈએ લોર્ડ્સમાં રમાશે.

# JAPAN OPEN- BADMINTON

ટોક્યોમાં આજથી શરૂ થયેલી જાપાન ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સમાં, પીવી સિંધુએ રાઉન્ડ ઓફ 32માં મલેશિયા સામે 21-14, 21-11ના વિજય સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી. મિક્સ ડબલ્સમાં, ભારતીય જોડી તનિષા ક્રાસ્ટો અને ધ્રુવ કપિલાએ રાઉન્ડ ઓફ 32માં સ્કોટલેન્ડને પરાજય આપ્યો. દરમિયાન, મેન્સ સિંગલ્સમાં આયુષ શેટ્ટી અને લક્ષ્ય સેન આવતીકાલે પોતાના અભિયાનની શરૂઆત કરશે.

# ODISHA - NABA JAUBANA

ઓડિશાના પુરીના જગન્નાથ મંદિરમાં આજે ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રાના પવિત્ર "નવ યૌવન" દર્શન થશે. સ્નાન પૂર્ણિમા બાદના "અંસાર" સમયગાળા પછી ભગવાનના આ પ્રથમ જાહેર દર્શન હશે. એવું માનવામાં આવે છે કે, સ્નાન પૂર્ણિમા બાદ બીમારીમાંથી સ્વસ્થ થયા બાદ ભગવાન લાખો ભક્તો સમક્ષ તેમના નવા યુવા સ્વરૂપમાં પ્રગટ થાય છે.

મંદિર પ્રશાસન, જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસે સુવ્યવસ્થિત દર્શન સુનિશ્ચિત કરવા વિસ્તૃત સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા કરી છે. ગુરુવારે જગન્નાથ મંદિરથી ગુંડિચા મંદિર સુધી પરંપરાગત રથયાત્રા નીકળશે.